શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




સપ્ટેમ્બર-૨૦૨૦ અંક - ૯ વર્ષ ૫૮ સળંગઅંક : ૪૭૯

માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

# નવયુગ શુભેચ્છક
# માતુશ્રીની પ્રથમ પૂણ્યતિથિ નિમીત્તે શ્રધ્ધાંજલી



**સ્વ. ઈશ્વરલાલ ત્રિભોવનદાસ ગજ્જર**
**જન્મ તા. ૧૩.૧૦.૧૯૨૪ સ્વ. તા. ૧૪.૦૯.2003**

**સ્વ. હસુમતીબેન ઈશ્વરલાલ ગજ્જર**
**જન્મ તા. ૦૫.૦૯.૧૯૩૪ સ્વ. તા. ૨૩.૧૦.૨૦૧૯**

ચંદન જેવુ જીવન જીવીને સુખ સહુને આપી ગયા...
ખુદ અમારે કાજે ઘસાઇને સૌરભ પ્રસરાવી ગયા..
જીવન એવું જીવી ગયા કે કદી ભૂલાઇ નહી... વિદાય એવી લીધી કે કદી ભૂલાશે નહી..
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અંતઃકરણથી પ્રાર્થના...

## અર્પણકર્તા

ગિરીશચંદ્ર ઇશ્વરલાલ ગજ્જર
રંજનબેન ગિરીશચંદ્ર ગજ્જર
કેતન ગિરીશચદ્ર ગજ્જર
હેતલ કેતન ગજ્જર
કુ. વિશ્વા કેતન ગજ્જર
જીગર ગિરીશચંદ્ર ગજ્જર
પંકિત જીગર ગજ્જર
ચિ. ગ્રંથ - કુ. ગ્રિથા

હરીશચંદ્ર ઇશ્વરલાલ ગજ્જર
ઇન્દીરાબેન હરીશચંદ્ર ગજ્જર
ચિંતનકુમાર જે. શાહ
પ્રતિક્ષા ચિંતનકુમાર શાહ
ચિ. હેતવ - ચિ. ક્રિશિવ
કુ. અમૃતા હરીશચંદ્ર ગજ્જર

શિરીષચંદ્ર ઇશ્વરલાલ ગજ્જર
ગીતાબેન શિરીષચંદ્ર ગજ્જર
અમિત શિરીષચદ્ર ગજ્જર
પરણિકા અમિત ગજ્જર
ડેનિશકુમાર એ. મોદી
હેમાક્ષી ડેનિશકુમાર મોદી
ચિ. સીમોન - ચિ. હિદાન

જયશ્રીબેન ભૂપેન્દ્રકુમાર પંચોલી
ભૂપેન્દ્રકુમાર વિઠ્ઠલદાસ પંચોલી
પ્રતિક ભૂપેન્દ્રકુમાર પંચોલી વૈશાલી પ્રતિક પંચોલી
ચિ. જ્વલીન
વિભા એમ. દેસાઇ - મનિષકુમાર દેસાઇ - ચિ. સાક્ષી

એ-૩૦૩-૩૦૪, શ્રીનાથ કોમ્પલેક્ષ,
સ્વસ્તીકપાર્ક સો.
અલથાણરોડ-સુરત ૩૯૫ ૦૧૭

સી-૧૭૯, ગોકુલ ટાઉનશીપ,
કર્મજ્યોત સો. પાસે, રામેશ્વર સ્કૂલ પાસે,
ગોત્રીરોડ, વડોદરા - ૩૯૦ ૦૨૧

2020-2040

# Congratulations

**Dr. OJASVI JAYESH SOMABHAI MEHTA.**



**Dr. OJASVI**

**on successful completion of Masters of Physiotherapy in Orthopedic and Sports Sciences. We wish her all the very best for her future endeavors.**

## All the best from

***Mr. Jayesh Mehta*** *(9819847223)*
***Late Anjana Jayesh Mehta***
***Hema Mehta*** *(9820236029)*

***Shrenik J. Mehta*** *(9820167226)*
***Khushboo Pancholi Mehta***

*3/C, 302, SiddhiVinayak cohs. Ltd., Ashanagar, off western exp highway B/h.Sai Dham Mandir, Kandivali (East), Mumbai 400101*

***Devyani and Nilesh Mehta*** *(9998946712)*
***and Family*** *(Ankleshwar)*

***Anisha and Ajay Mehta*** *(9833235470)*
***and Family*** *(Mumbai)*

***Chetna and Dilip Mistry*** *(+44 7895 607560)*
***and Family*** *(U.K.)*


***Rekha and Shailesh C. Mistry*** *(7096945525)*
***and Family (surat)***

***Pallavi and Jitendra C. Mistry*** *(7984740429)*
***and Family (Ahemdabad)***

***Bharti and Hemant C. Mistry*** *(9924211022)*
***and Family (surat)***

# ભાવભીની શ્રધ્ધાંજલી

: જન્મ :
તા. ૧૯.૦૨.૧૯૪૬



સ્વર્ગવાસ :
તા. ૧૮.૦૮.૨૦૨૦
શ્રાવણ વદ ચૌદશને
મંગળવાર

## સ્વ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પંચોલી

પંચોલી પ્રગતિ પરિવારના આદ્યસ્થાપક તથા શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાના પથદર્શક
રાજપીપલાના પનોતા પુત્ર સૌના માનીતા અને જાણીતા મૂક-સેવક દાનવીર

**સ્વ. શ્રી ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પંચોલી**

ચંદન જેવું જીવન જીવી સૌને શીતળતા આપી સ્વર્ગે સીધાવી ગયા...
પ્રામાણિક વ્યવહાર, નિઃસ્વાર્થ સેવાભાવના તથા નિષ્કપટ વાણી વારસાને
અમો આત્મસાત કરતા રહીશું..
પરિવાર જેમનું મંદિર હતું, પરિશ્રમ એમનું કર્તવ્ય હતું.
સમાજ ભકિત જેમનું ધ્યેય હતું, એવા આપ અમારા માટે પ્રેરણાદાયી બની રહેશો
આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગનું સુખ આપે એજ પ્રાર્થના
તેમજ એમના પરિવારજનો ને અસહ્ય દુઃખ સહન કરવાની શકિત પ્રદાન કરે..

## અર્પણકર્તા

**શ્રી પંચોલી સેવા મંડળ, રાજપીપલા**
પ્રમુખ - શ્રી જયેશભાઇ સી. પંચોલી
ઉપપ્રમુખ - ગોપાલભાઇ ડી. પંચોલી
મંત્રી - ચંદ્રકાંતભાઇ જે. પંચોલી
સૈ.કન્વીનર- નિખીલભાઇ પી. પંચોલી
તથા સૌ કારોબારી સભ્યશ્રીઓ..

**શ્રી પંચોલી પ્રગતિ મંડળ, રાજપીપલા**
કન્વીનર - દિનેશકુાર એસ. પંચોલી
મંત્રી - વિજયભાઇ એમ. મપારા
ખજાનચી - જયેશભાઇ સી. પંચોલી
ઓ. ઓડીટર - સુરેશભાઇ જે. પંચોલી
તથા સૌ કારોબારી સભ્યશ્રીઓ..

**સંલગ્ન સંસ્થાઓ...**

**પંચોલી ભગીની મંડળ, રાજપીપલા**

**શ્રી પંચોલી (ઘાંચી) જ્ઞાતિ વાડી પંચ**

તથા પંચોલી સમાજના સૌ જ્ઞાતિજનો

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## સપ્ટેમ્બર-૨૦૨૦

તમસો માં જ્યોતિર્ગમય

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક | રૂા. ૧૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. ૧૦૦/- |

# તંત્રી નોંધ



સુજ્ઞ જ્ઞાતિજનો.....

કુશળ હશો....

ધીરે ધીરે લોક ડાઉનમાંથી આપણે અનલોક થતા જઇએ છીએ.... સરકાશ્રીએ આપણી સૌની સલામતી માટે લોકડાઉન આપ્યું... અને આપણે ડાહ્યાડમરા થઇને પાળ્યુ પણ ખરું અને કહ્યા પ્રમાણે અનુસર્યા પણ ખરા... પરંતુ જેમ જેમ લોકડાઉન અનલોક થતુ ગયુ તેમ તેમ આપણે પણ અનલોક થતા ગયા અને બેદરકાર પણ થતા ગયા.... હોટલોના જમણ... લારીઓ પર જયાફત.... હિલ સ્ટેશનો અને પાણીના ધોધ અને કુદરતનું સોળેકળાએ ખીલેલું સૌંદર્ય પણ જોવાનું ચુકયા નથી.... દર વર્ષે આપણે આ સ્થળોની મુલાકાત લીધી જ હોય છે... છતાં આવા મહામારીના કપરા કાળમાં થોડો સંયમ ના રાખી શકીએ....? આપણે કહીએ ઘરમાં રહો.. સુરક્ષિત રહો.... પણ પછી આપણે આ વાકય ભુલી જઇએ છીએ.... હવે કોરોના ના કેસો કુદકે ને ભૂસકે વધી રહ્યા છે.. ત્યારે ખાસ ચેતવાની જરૂર છે... કયાંક આપણે ફસાઇ ના જઇએ..... જેમને કોરોના થયો છે... તેમની હાલત, હોસ્પિટલની પરિસ્થિતી અને લોકડાઉનના સમયમાં પાતળી થયેલી આર્થિક સ્થિતિમા લાખો ઉપર જતા બીલો કયાંથી લાવવા...? વિચાયુ છે ? તો ઉપરોકત વાતો ધ્યાનમાં રાખી **ઘરમાં રહો.... સુરક્ષિત રહો...**

કોરોનાને લઇને દિપોત્સવી અંક માટે પણ હું અવઢવમાં છું કે શું કરું ? કારણ હજુ બધુ બરાબર ચાલુ નથી થયું .. વિચારું છું કે દિવાળી નહિ પણ જાન્યુઆરી-૨૦૨૧નો અંક ન્યુ યર અંક તરીકે પ્રકાશિત કરી શકાય આપના મંતવ્યો આવકાર્ય છે....

દિનેશ એમ મિસ્ત્રી-નવયુગ તંત્રી
મલય ડી. મિસ્ત્રી - સહતંત્રી

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

સૌ સ-કુશળ હશો. હવે બધાએ કોરોના સાથે જીવવાનું શીખી લીધું છે, હાલની પરિસ્થિતી જોતા હજુ થોડો સમય આપણને કોરોનાથી સંપૂર્ણ છુટકારો મળે એમ નથી, કોરોનામાં ઘટતો જતો મૃત્ય દર, વધતી રીકવરી, હોસ્પિટલના ખાલીબેડના આંકડા અને સૌની ઉપર કોવીડ વેકસીનની આવતી સંભાવના સૌ આટે આશા જીવંત રાખે છે. પરંતુ જયાં સુધી કોરોનાનો સંપૂર્ણ ઈલાજ ના મળે ત્યાં સુધી સૌને સાચવીને પુરતી કાળજી લઇ પોતાના કાર્યો કરવા વિનંતી છે, એક વાત હંમેશા યાદ રાખજો "Prevention is better then cure"

હાલની પરિસ્થિતીમાં બધા કામો અટકી ગયા છે, બેંકના કામો ૫૦% થઇ રહ્યા છે, જેને લઇને મહામંડળના હિસાબોમાં પણ મોડું થઇ રહ્યું છે, જે સંલગ્ન સંસ્થાના હિસાબો બાકી છે તેઓને સત્વરે તૈયાર કરી મોકલી આપવા વિનંતી, જેથી સમગ્ર મહામંડળના હિસાબો થઇ શકે.

હાલમાંજ ગણેશ ઉત્સવ ગયો, જેઓના ઘરમાં બાપાની પધારમણી થઇ તે સૌને અભિનંદન સ્વયં સુરત વર્ષોથી બાપાને પધરાવતા આવ્યા છે, હાલની પરિસ્થિતીને ધ્યાને લઇ સ્વયં અધ્યક્ષા મૃદુતા મિસ્ત્રી પંચોલીના ઘરે બાળ ગણેશની પધરામણી કરી તમામ સભ્યોએ રોજ ઝુમ વિડીયો દ્વારા આરતી દર્શનનો લાભ લીધો.. ટેકનોલોજીનો સુંદર પ્રયોગ.. અભિનંદન.

મુંબઇ એકમે પણ વોટસએપ દ્વારા સહાય માટે અરજીઓ મંગાવી સૌને સમયસર મદદ પહોંચાડી કાર્યકર્તાઓને અભિનંદન.. મહામંડળ પણ ટૂંક સમયમાં આવેલ અરજીઓનો યોગ્ય પ્રતિસાદ આપવા જઇ રહ્યું છે.. દરમ્યાન જે જે દાતાઓ દ્વારા મહામંડળને દાન મળ્યું છે તે તમામના અમો આભારી છીએ..

મહામંડળનું મંજુર થયેલ બંધારણ તંત્રીશ્રીએ સુંદર પ્રિન્ટ કર્યુ છે, અમોએ વોટસએપ પર બંધારણની નકલો માટે દરેક એકમના પ્રમુખ મંત્રી, મહામંડળના ટ્રસ્ટીઓ તથા ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓના પોસ્ટલ એડ્રેસ મંગાવી, આવેલ સરનામે બંધારણની નકલો રવાના કરેલ છે. હજી કોઇના સરનામા મોકલવાના બાકી હોય તો વોટસએપ નંબર ૯૯૨૪૨ ૧૧૦૨૨ અગવા ૯૮૨૫૦ ૮૧૩૫૯ બે માંથી કોઇ એક નંબર પણ પુરેપુરૂ પોસ્ટલ એડ્રેસ મોકલવા વિનંતી... ટૂંક સમયમાં બંધારણ વેબસાઇટ પર પણ ઉપલબ્ધ કરાવીશું....


બસ ફરી મળીએ તયાં સુધી પોતાની પહેલા પછી પાડોશી, સગાવ્હાલાની સંભાળ રાખતા રહેશો..

જીંદગીમાં કયારેય નિરાશ ના થશો..
શું ખબર આવતી કાલ
એકજ દિવસની હોય જેની
વર્ષોથી આપણે રાહ જોતા હતા....

## માતબર દાન


લેસ્ટર નિવાસી
**સ્વ. અંબેલાલ ઝીણાભાઈ પંચોલી,**
**સ્વ. મણીબેન અંબેલાલ પંચોલી** અને
**સ્વ. કાંતિભાઈ અંબેલાલ પંચોલી**
ની પૂણ્યસ્મૃતિમાં
**રૂા. ૨૫,૫૦૦/- મેડીકલ સહાય ફંડ**માં અને
**રૂા. ૨૫,૫૦૦/-શૈક્ષણિક સહાય ફંડ**માં હસ્તે
શ્રી અશોકભાઈ અંબેલાલ પંચોલી (યુ.કે.)
પરીવાર તરફથી મળ્યા છે....
દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી ગજેન્દ્રભાઈ વલ્લભભાઈ મપારા વડોદરા | શ્રી કમલેશભાઈ મણીલાલ પંચોલી વડોદરા



શ્રધ્ધાંજલી





શ્રધ્ધાંજલી

## સ્વ. રમણલાલ મોતીરામ પંચોલી

**જ.તા. ૦૬-૦૩-૧૯૨૭ સ્વર્ગવાસ : ૦૩-૦૯-૨૦૨૦**

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૈયામાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહીં, વહેવાર કદી ચુક્યા નહી, ધર્મ કદી ભુલ્યા નહીં, સુખ-દુઃખમાં સદા હસતાં રહ્યા,
દર્શન નથી તમારા, પણ હૃદયમાં વાસ છે....
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી સૌની પ્રાર્થના....

### અર્પણકર્તા

સ્વ. ચંપાબેન રમણલાલ પંચોલી

જનકકુમાર રમણલાલ પંચોલી — હીનાબેન જનકકુમાર પંચોલી
જતીનકુમાર રમણલાલ પંચોલી — નયનાબેન જતીનકુમાર પંચોલી
કાર્તિક જનકકુમાર પંચોલી — ડિમ્પલ કાર્તિક પંચોલી
હેમલ જનકકુમાર પંચોલી — સેજલ હેમલ પંચોલી
દિવ્યેશ જનકકુમાર પંચોલી — વૈશાલી દિવ્યેશ પંચોલી

મિહિર જતીનકુમાર પંચોલી
ભાવિક જતીનકુમાર પંચોલી

ચંન્દ્રકાંત ચંપકલાલ રૂવાળા — વિલાસબેન ચંદ્રકાંત રૂવાળા

ચિ. ચૈત્રી - આર્ચિ - પ્રર્વ - ચાર્મી





MJ TOURS & TRAVELS
The Holiday Planer

Shop No. 1, Vyash Bhavan, Opp Jyot Farshan, Giya Sheri Naka, Mahidharpura, SURAT - 395003 ( Gujarat )
Email :- mjtravels89@gmail.com
Mihir Pancholi ( Mo. +91 99095 08774 , + 91 70169 70480 )
Jatin Pancholi ( Mo. +91 96384 44774 , + 91 79906 88809 )

पतंजलि
**આરોગ્યકેન્દ્ર અને સ્ટોર**
દુકાન નં.૧, બેંકરોડ, કાપડબજાર, બહુચરમાતાના મંદિર પાછળ, જુની નગરપાલિકાની બાજુમા, વ્યારા
Mo. : 99792 80235, 98252 81051



पतंजलि
**ચિકિત્સાલય અને સ્ટોર**
૧૦૫, પારસ સોસાયટી, કેપ્ટન લક્ષ્મી માર્ગ, પાલનપુર પાટીયા, કોસમોસ એપાર્ટમેન્ટ પાસે, રાંદેરોડ, સુરત
Mo. : 98252 81051, 63594 56624

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૨૦ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

- S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....
- H.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....
- I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પૌષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરૂં સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડ્યા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. **આપના ફોટોગ્રાફસ અનુકુળતાએ નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......**
- **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ અનુકુળતાએ પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૩૦.૯.૨૦૨૦ સુધીમાં આપની માર્કસીટ કુરીયર દ્વારા મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી.**

**નેટ પરથી લીધેલ માર્કસીટ પણ મોકલી શકાશે**
**વોટસઅપ, ઈમેલ કે પોસ્ટ દ્વારા માર્કસીટ મોકલવી નહી...**
**વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**
**માર્કસીટ કુરીયર દ્વારા જ મોકલવી...**

**S.S.C. અને H.S.C. ની માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી... એડ્રેસ અવશ્ય લખવું.....**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ઓ. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**ચાલી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તેજસ્વી તારલાઓના ફોટોગ્રાફસ અનુકુળતાએ છાપવામાં આવશે... જેની નોંધ લેવા વિનંતી..**

# પિન્કુના સૂઝ (બાળ વાર્તા)

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ

આજે સ્કુલેથી આવીને, સૂઝ કાઢીને, સ્કૂલબેગ સોફામાં મૂકીને, મોં ફુલાવીને પીન્કુ બારી પાસે મૂકેલા સ્ટુલ પર બેસીને બારીની બહાર જોવા લાગ્યો.

ખરેખર તો પીન્કુનું સાચુ નામ હતું 'પિનાક', પણ ઘરમાં અને સ્કુલમાં બધા એણે પીન્કુ કહીને જ બોલાવતા. પીન્કુની મોટીબેન મેઘુ એટલે કે મેઘનાએ એને દૂધ પીવા માટે અને નાસ્તો કરવા માટે બોલાવ્યો, તો પણ પીન્કુ આવ્યો નહીં.

કીચનમાંથી પીન્કુની મમ્મીએ બુમ પાડીને પીન્કુને બોલાવ્યો, 'પીન્કુ, રોજ તો સ્કુલેથી આવીને પહેલાં દૂધ પીવા માટે બુમાબુમ કરી મૂકે છે, ફટાફટ નાસ્તો કરવા આવી જાય છે, અને આજે કેમ આમ મોં ફુલાવીને બેઠો છે, શું થયું છે ?'

પણ પીન્કુભાઈ તો મમ્મીની બૂમ સાંભળીને પણ જરાય હાલ્યા ચાલ્યા નહીં, બસ, સ્ટુલ પર બેસીને બારીની બહાર જોઇ રહ્યા. એટલે પપ્પાએ આવીને એને ઊંચકી લીધો, સોફામાં પોતાના ખોળામાં લઇને બેઠા અને ગલીપચી કરી તો પણ પીન્કુ ન હસ્યો.

પપ્પાએ પૂછ્યું, 'આજે મારા રાજાબેટાને સ્કુલમાં કોઇએ કંઇ કહ્યું?' હવે પીન્કુના અબોલા છૂટી ગયા અને એ બોલ્યો, પપ્પા, આપણે આ વર્ષે મારા નવા સૂઝ લીધા નથી ને, એટલે મારા ભાઇબંધો મારા ગયા વર્ષના જુના સૂઝને લીધે મને ચીઢવે છે.' પીન્કુનું રડમસ મોં જોઇને એનાથી બે વર્ષ મોટી એની જ સ્કુલમાં ભણતી મેઘનાએ ગુસ્સાથી કહ્યું, 'પીન્કુ, સ્કુલમાં તને કોણ ચીઢવે છે તે મને કહેજે, કાલે હું એ બધાને એવા તો ફટકારીશ કે તને ચીઢવવાનું બંધ કરી દેશે.'

'મેઘુ, તારા ગુસ્સાને શાંત કર, બેટા. વાત વાતમાં આમ ગુસ્સે નહીં થવાનું, સમજી?' મમ્મીએ કહ્યું. 'પણ મમ્મી, એ લોકો પીન્કુને ચીઢવે તો આપણે કંઇ કરવાનું નહીં?' મેઘનાએ દલીલ કરી. 'ના, શાંત નહીં બેસવાનું, આપણે ક્લાસટીચર ને કહી દેવાનું.' મમ્મીએ કહ્યું.

'જો બેટા, પીન્કુ. તારા સૂઝ હજી સારા છે, ફાટી નથી ગયા કે જુના પણ નથી થઇ ગયા. અને વસ્તુ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચલાવવાની.'

મમ્મીએ કહ્યું. 'પપ્પા, મમ્મી ભલે એમ કહે, હું જુના સૂઝ પહેરીને કાલે સ્કુલે નહીં જાઉં' કહીને પીન્કુ ઘરની બહાર રમવા જતો રહ્યો.

'કાલે ઊઠીને એ સ્કૂલબેગ અને વોટર બોટલ પણ નવી માંગશે, હવે આને કેમ કરીને સમજાવવો ?' મમ્મી બોલી. 'તું ચિંતા ન કર, આવતી કાલે સ્કુલમાં જતી વખતે તું એને દસ મિનિટ વહેલો તૈયાર કરજે. હું એને સ્કુલે મૂકવા જઇશ ત્યારે રસ્તામાં સમજાવી દઇશ.' પપ્પાએ કહ્યું.

'ભલે.' કહીને મમ્મી રસોડામાં રસોઇ કરવામાં વ્યસ્ત થઇ ગઇ. પીન્કુ બહારથી રમીને આવ્યો ત્યારે એના 'પેટમાં ચૂહા દોડતા હતા' એટલે કે એણે ખુબ ભૂખ લાગી હતી. 'મમ્મી, ભૂખ લાગી છે, જલ્દી જમવાનું આપ' કહેતો પીન્કુ રસોડામાં આવી ગયો.



'તું બહારથી રમીને આવ્યો છે, તારા હાથ પગ ધૂળવાળા છે, પહેલાં બાથરૂમમાં જઇને હાથ પગ સાબુથી સારી રીતે ધોઇને, નેપકીનથી લુછીને આવ, ખાવાનું તૈયાર જ છે.' મમ્મીએ કહ્યું. પીન્કુ હાથ પગ ધોઇને આવ્યો એટલે બધા સાથે બેસીને જમ્યા. પછી મેઘના અને પીન્કુએ હોમવર્ક કર્યું,

બીજા દિવસના ટાઇમ ટેબલ પ્રમાણે સ્કૂલબેગમાં બુક્સ ગોઠવી અને પછી બધા સુઇ ગયા.

બીજા દિવસે સવારે મમ્મીએ પીન્કુને દસ મિનિટ વહેલો જગાડ્યો. આમ તો પીન્કુને સ્કુલે જવાનું ગમતું, પણ આજે 'જુના સૂસ પહેરીને સ્કુલે નથી જવું' કહીને એણે આનાકાની કરી. પપ્પાએ એણે પ્રેમથી સમજાવ્યો અને કહ્યું, 'આજે હું તને સ્કુલે મૂકવા આવું છું.' ત્યારે એ તૈયાર થયો.

સ્કુલે જવાના રસ્તામાં પપ્પાએ એક જગ્યાએ થોડી ઝૂંપડીઓ હતી ત્યાં સ્કુટર ઉભું રાખ્યું. પછી પીન્કુને લઇને એ વિસ્તારમાં ફર્યા. પીન્કુએ જોયું તો એ લોકો કાચા મકાનમાં રહેતા હતા, જમીન પર કે કાથીની ખાટલી પર સૂતા હતા, સુકુ પાકુ વધેલું ઘટેલું ખાતા હતા, ફાટેલા અને ગંદા કપડા પહેરતા હતા, છોકરાઓના પગમાં બુટ ચપ્પલ નહોતા.

પીન્કુના પપ્પાએ એને આ બધું બતાવ્યું અને પછી પૂછ્યું, 'બેટા, હવે કહે, આ લોકોને જોઇને તને શું લાગે છે?' પીન્કુએ કહ્યું, 'પપ્પા, આ લોકો પાસે તો આપણા જેટલી વસ્તુઓ પણ નથી, છતાં તેઓ ખુશીથી જીવે છે. હવે હું નવા સૂસ માટે જીદ નહિ કરું. મારી બર્થડે પર આપણે આ લોકોને કપડા આપીશું અને કેક ખવડાવીશું, હેં ને પપ્પા?'

પપ્પા હસીને બોલ્યા, 'હા બેટા, આપણે આમને જરૂર મદદ કરીશું.' એ દિવસે પીન્કુ જુના સૂસની કે દોસ્તોની ચીઢામણીની પરવા કર્યા વિના ખુબ ઉત્સાહથી સ્કુલમાં ગયો. બાલદોસ્તો ! તમે પણ તમને જરૂર ન હોય એવી ચીજો ગરીબ લોકોને આપીને, કે તમારા પોકેટમની માંથી પૈસા બચાવીને એમને મદદ કરજો, કરશો ને?



# વાયબ્રન્ટ મહિલા મંડળ

આકાંક્ષા-૩માં રાખવામાં આવેલ નિબંધ સ્પર્ધાના થોડા અંશો....

મહિલા છે શકિતનો સ્તોત્ર, અંતરે છે વહેતો ધોધ..
ગતિમાં છે હવાઇ દોડ, મતિમાં છે ભકિતની હોડ...

જીવંત અને ઉત્સાહકપ્રેરક મહિલા મંડળ એ આજની આધારશીલા છે.. મહિલા મંડળ સમગ્ર ગામો, શહેરો અને વિદેશોમાં પણ સ્થાન ધરાવી હરણફાળ ભરે છે.

અગામી ૧૦ વર્ષોમાં આપણે બહેનોને અણશોધ્યા પ્રગતિના પંથે દોરવાના છે.. બાળઉછેરના અને શિક્ષણક્ષેત્રે થયેલ પ્રયત્નોનો અભ્યાસ કરવો જ રહ્યો.. પંચોલી સમાજના વાયબ્રન્ટ મહિલા મંડળોની રચનામાં પાયાથી પુરાણ કરવું પડશે. નવા નવા સંકલ્પો હાથ ધરવા પડશે, ચર્ચા સભાઓ યોજી બાળાઓ અને બહેનોને સહભાગી કરી ભાવી સમાજના ભવિષ્યની યોજના ઘડવી પડશે. તેઓને પોતાની જવાબદારીથી વાકેફ કરી એઓને વિવિધ શમણાંઓ જોવા અને વિવિધ યોજનાઓ દ્વારા સાકાર કરવા માટે સક્ષમ બનાવવા પડશે.. આ બધુ કરશે કોણ ? આ યક્ષ પ્રશ્ન છે.. આપણે સૌ બહેનો સાથે કદમ મીલાવી અનેક દિશાઓ શોધી એમાં પદાર્પણ કરવું પડશે..

વાયબ્રન્ટ મહિલા મંડળના પાયાના પુરાણમાં વિચારોની અંજલી આપી કાર્યકુશળતાને વધાવી સમયનો સાદ સાંભળી સફરને પૂર્ણ કરવા માટેના પ્રયાસના પ્રેરક બની પલપલમાં વહી જઇએ...

આજતો અરમાનો છે કાલે સિધ્ધ થઇ જાશે..
હળવે હળવે પંખ પ્રસારી આસમાને ઉડી જાશે..
મનને તનની હામ ભીડી છે હૈયામાં વસી જશે...
ચાલો મહિલાઓની મહેતલ છે સૌના મનમાં વસી જશે.

**હસુમતીબેન ડી મિસ્ત્રી-મુંબઇ**
**પ્રથમ વિજેતા**

સમાજમા અનેક સ્ત્રીઓમાં આંતરિક શકિતઓ છુપાયેલી છે. તમને જાગૃત કરી તેમની ક્ષમતાનો યોગ્ય ઉપયોગ સમાજના ઉત્થાન માટે કરી શકાય. મહિલા મંડળ એ સ્ત્રીઓને ભેગા થવાનું માધ્યમ છે. ભલે તમે કશુ ના કરો પણ ફકત ભેગા થઇ વાતો કરો, એકબીજાના અનુભવ દ્વારા ઘણું જાણવા મળે છે. સાથે મળી તમારા શોખ પૂરા કરો, સંગીત, ચિત્રકામ, વાંચન, બાગકામ દ્વારા તમારા મનના ભાવ વ્યકત કરો. સરદાર વલ્લભભાઇ પટેલ કહેતા ' બીજા શું કરે છે તે સામુ ન જોવું, પણ મારી શી ફરજ છે તે વિચારનાર અને જીવનમાં ઉતારનાર જ મહાન બને છે.'

બહેનોમાં સહકારની લાગણી કેળવી, સમાજ પ્રત્યે સકારાત્મક અભિગમ કેળવવો પડશે. સો એક વર્ષ પહેલા બે-ત્રણ સ્ત્રીઓ ભેગા મળી પાપડ બનાવવાની શરૂઆત કરી જે આજે લિજ્જત પાપડના નામે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. અને એના થકી હજારો સ્ત્રીઓને રોજગારી મળી છે... એની જેમ દરેક એકમ પણ પોતાના સમાજની બહેનોને ભેગી કરી કોઇક નાનકડો ગૃહઉદ્યોગ સ્થાપી શકે.. અથાણા, પાપડ, જામ-શરબત વગેરે બનાવી આવકનું સાધન ઉભું કરી શકાય.

નકામા પડેલા કપડાનાં ટૂકડાંની થેલીઓ બનાવી પર્યાવરણ તરફ લોકોને જાગૃત કરી શકાય. ઘર આંગણેથી સ્વચ્છતાની શરૂઆત કરી સ્વચ્છતામાં પ્રભુતા વસે છે.. એ સાબિત કરી શકાય. વિધવા-નિરાધાર બહેનોને વર્ષો વર્ષ આર્થિક સહાય કરવાને બદલે તેમને જે ઉદ્યોગ આવડતો હોય તે માટેના સાધનો-સામગ્રી આપીએ તો તેઓ જાતે આવક મેળવી આત્મનિર્ભર બની શકે...

સમાજના સભ્યોમાં વ્યસન હોય તો મહિલા મંડળની બધી બહેનો ભેગી થઇ તેમને સમજાવી વ્યસન મુકત કરી શકાય.. જરૂરીઆતમંદને ટીફીનો પહોંચાડવા કે જ્ઞાતિના બાળકોને શૈક્ષણિક સહાયક કરી શકાય.

અંતમાં કવિ રાજેન્દ્ર શાહ કહે છે તે....
'આ અહીં પહોચ્યા પછી, બસ એટલું જ સમજાય છે..
કોઇ કાંઇ કરતુ નથી, આ બધુ તો બસ થાય જ છે...'

**શોભાબેન કે. મિસ્ત્રી-બીલીમોરા**
**દ્વિતીય વિજેતા**

બાકીના અંશો આવતા અંકે કે અનુકુળતાએ પ્રકાશિત થશે.....



# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ
## શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ફંડ

"શ્રી લીલાવતી છગનલાલ મે. ફંડ" નાં ૨૦ માં વર્ષે ખુબજ સુંદર પ્રતિસાદ મળયો. જેમાં આ વર્ષે કુલલે ૫૧ અરજી મળી હતી. અને તે દરેક અરજીઓને માન્યતા અપાઇ હતી. ( લીલાવતી ફંડ ના સંચાલકો દ્વારા, આ વર્ષ ની પરીસ્થીતી ને અનુલક્ષીને, સભ્યો ની હસ્તાક્ષર વિના ની અરજી Whasapp ના માધ્યમ થી સ્વીકારી ને માન્યતા અપાઈ હતી. જેમાં ૨૦ - નિરાધાર સહાય, ૨૦ - વિધવા સહાય, ૭ - ઉચ્ચ શૈક્ષણિક સહાય, ૨ - વિધાર્થી અને ૫- વિધાર્થીની, 3- વૈદકીય સહાય અને ૧ - વિકલાંગ સહાય. આ પ્રમાણે ની અરજી મંજૂર કરવામાં આવી છે. આ સહાય માં મુખ્યત્વે ૬-અરજી મુંબઇ થી, ૯-અરજી બીલીમોરા થી,૨-અરજી ગણદેવી થી, ૧-અરજી ઉનાઇ થી, ૨-અરજી અજરાઇ થી, ૨-અરજી નવસારી થી, ૩-અરજી વ્યારા થી, ૮-અરજી સુરત થી, ૨-અરજી અંકલેશ્વર થી, ૧-અરજી ભરૂચ થી, ૬-અરજી બરોડા થી, ૫-અરજી રાજપીપળા થી, ૧-અરજી છોટાઉદેપુર થી, ૨-અરજી સંખેડા થી, ૧-અરજી અમદાવાદ થી, આમ અલગ અલગ ૧૫ વિવિધ એકમો નાં સભ્ય ને આ લાભ આપ્યા છે. આ વર્ષે માન્ય કરવામા આવેલી દરેક અરજી નાં સભ્યો ને રૂ૦ ૧,૦૦૦ ની સહાય આપવામાં આવલે છે.

BF; GM\W o ઉપરોક્ત સહાય જે તે એકમ ના દરેક અરજીદારો નાં ખાતામાં, તારીખ : ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૦. ના રોજે, Net Banking NEFT દ્વારા Transfer કરવામાં આવેલ છે. જેની નોધ લેશો.

## પંચોલી સમાજ-અમદાવાદ

તારીખ 30-08-2020, રવિવારે સાંજના 5.30 કલાકે ઝૂમ મિટિંગમાં પંચોલી સમાજ અમદાવાદની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટાભાગના સભ્યોએ ઉપસ્થિત રહીને ઉત્સાહભેર ભાગ લીધો હતો.
સામાન્ય સભાની શરૂઆત પ્રમુખશ્રી પ્રવિણભાઇ પંચોલીએ આવકાર પ્રવચનથી કરી. સાથે સાથે મંત્રીશ્રી નિરજ પંચોલીએ બારડોલીથી અમદાવાદ પરત થતા અધવચ્ચે રસ્તા પર ગાડી ચલાવતા ચલાવતા આજની આ મિટિંગમાં સક્રિય ભાગ લીધો હતો. સાથે તેમના પત્ની શ્રીમતિ નેહા પંચોલીએ મિટિંગમા પોતાના મંતોવ્યો સાથે ચર્ચામાં ભાગ લીધો. ખજાનચી મુરબ્બી શ્રી હસમુખલાલ પંચોલીએ મિટિંગ આગળ ધપાવતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સહાય તથા ઇનામની જાહેરાત કરી. જેમા જણાવ્યું કે, વિદ્યાર્થી કે તેમના વાલીનાં બેંક એકાઉન્ટમાં 2018-19 તેમજ 2019-20ની ઇનામ રકમ ઓનલાઇન બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આગામી મિટિંગની ક્યાં તથા કેવી રીતે આયોજન કરવું તેની માહિતિ સર્વે સભ્યોને આપી. માનનીય શ્રી જય પંચોલીએ તમામ સભ્યોને તેમના આશીર્વચનથી અભિભૂત કર્યા. શ્રી ગિરીશભાઇ પંચોલીએ આ ઓનલાઇન મિટિંગના આયોજન બદલ હૃદયપૂર્વક આભાર માન્યો. સૌ સભ્યોએ ત્યારબાદ એકબીજા સાથે ચર્ચા કરી અને ખબર અંતર પૂછી, આનંદની લાગણી અનુભવી.
અંતે સામાન્ય સભામાં શ્રી પ્રવિણચંદ્ર પંચોલીએ સ્વર્ગસ્થ આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પળાવ્યુ.
આ ઓનલાઇન મિટિંગનું આયોજન કરવા બદલ શ્રી મિતેષ પંચોલી અને ડો. અપર્ણા પંચોલીનો ખૂબ ખૂબ આભાર જેઓએ વોટ્સએપ ગ્રુપ બનાવી મિટિંગની રૂપરેખા સર્વ સભ્યોને આપી.
બોર્ડમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનાં નામ

1. સાક્ષી રાકેશ પંચોલી ધો. 10 - 95 %
2. જયમીન રાજેશ પંચોલી ધો. 10 - 57%
3. વંશ ભાવિન પંચોલી ધો.10 - 85%
4. વિધાન રાજુલ પંચોલી ધો.12 - 75%

મંડળ તરફથી ઉપરોક્ત વિદ્યાર્થીઓને સ્પેશિઅલ રોકડ ઇનામ ઓનલાઇન આપવામાં આવ્યા. વંશ ભાવિન પંચોલીને ઇનામમાં મળેલી રકમ અન્ય જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

## સ્વયં ગ્રુપ-સુરત



સ્વયં સુરત વર્ષોથી બાપાને પધરાવતા આવ્યા છે, હાલની પરિસ્થિતીને ધ્યાને લઇ સ્વયં અધ્યક્ષા મૃદુતા મિસ્ત્રી પંચોલીના ઘરે બાળ ગણેશની પધરામણી કરી તમામ સભ્યોએ રોજ ઝુમ વિડીયો દ્વારા આરતી દર્શનનો લાભ લીધો.. ટેકનોલોજીનો સુંદર સમન્વય..

# મહિલા સમાચાર

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

વ્યારા પ્રગતિ મહિલા મંડળની મિટિંગ તા. ૨૬.૦૭.૨૦૨૦ના રોજ ઓનલાઇન કરવામાં આવી. જેમાં બહેનો માટે ગૌરીવ્રત નિમિત્તે ઘરે રહીને કેશ ગુંફન અને ગૌરીવ્રત નિમિત્તે નાની બાળકીઓને તૈયાર કરવાની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોરોના મહામારીના સમયમાં બધાની તબીયત સારી રહે એવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

કેશગુંફન હરિફાઇના વિજેતા

અમિષાબેન હેમંતભાઇ પંચોલી

ગૌરીવ્રત બાળકીઓ શણગારના વિજેતા :

રૂહી જયકુમાર ગાંધી-માતા રીમાબેન-પ્રથમ

કેશ્વી કુણાલભાઇ પંચોલી-માતા કૃતિબેન-દ્વિતીય

પ્રગતિ મહિલા મંડળની ઓગસ્ટ મહિનાની મિટિંગ રાખવામાં આવી હતી.. જેમાં બહેનો દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી જેમાં નાના બાળકોને પોતાના ઘરે જ તૈયાર કરી રાધા-કૃષ્ણ વેશભૂષા કરી તથા કૃષ્ણભગવાનના ઝુલાને ડેકોરેશન કરી ઉજવવામાં આવી હતી..

રક્ષાબંધનમાં મહામારીના લીધે બહેનો પોતાના ભાઇને રક્ષાબંધન ન કરી શકી આથી પ્રેમથી કોમ્પીટીશન દ્વારા સૌએ વિવિધ મટીરીયલથી સુંદર કલાત્મક રાખડીઓ બનાવી.. રક્ષાબંધન મનાવ્યાનો આનંદ માણ્યો. જેના વિજેતા પ્રથમ બેલાબેન મનિષભાઇ પંચોલી, દ્વિતીય : પારૂલબેન હિતેષભાઇ ગાંધી અને તૃતીય પૂજાબેન નરેશભાઇ પંચોલી

સપ્ટેમ્બર માસની મિટિંગ રાખવામાં આવી. જેમાં શિક્ષકદિન અને શ્રાધ્ધપક્ષ નિમિત્તે માતા-પિતાનો મહિમા સમજાવતું આયોજન કરવામાં આવ્યું.

શિક્ષકદિન નિમિત્તે શિક્ષકોને બોલાવી સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરી તેમનું સન્માન કરવામાં આવ્યું. સરસ્વતીબેન દ્વારા 'માસ્તર' શબ્દનો અર્થ સમજાવવામાં આવ્યો. માસ્તર એટલે 'માનું સ્તર' એટલે માસ્તર. શ્રીમતિ કુસુમબેન દ્વારા પહેલા મહિલા શિક્ષિકા 'જ્યોતિબા ફુલે' વિશે માહિતી આપવામાં આવી. દક્ષાબેન દ્વારા શિક્ષક શબ્દનું મહત્વ સમજાવવામાં આવ્યું.

શ્રાધ્ધ પક્ષ નિમિત્તે કુસુમબેન અને દક્ષાબેન દ્વારા ભજન ગાવવામાં આવ્યા. અંતમાં માતૃ દેવો ભવઃ - પિતૃ દેવો ભવઃ બોલી આઇસ્ક્રીમનો સ્વાદ માણી છુટા પડયા. રૂા. ૫૦૧/- દક્ષાબેન નિવૃત થયા તે નિમિત્તે ભેટ મળ્યા.. આભાર..

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજની જુન મહિનાની મિટિંગ ગીતાબેન પંચોલીને ત્યાં ૨૬.૦૬.૨૦૨૦ના રોજ રાખી હતી. મિટિંગ સોશ્યલ ડિસ્ટન્સ રાખી કરવામાં આવી. મિટિંગની શરૂઆત માતાજીની સ્તુતિથી કરી સૌ બહેનોને સ્ટ્રોબરી શેક પીવડાવી સ્વાગત કર્યુ. પ્રથમ ચિત્ર સ્પર્ધા તથા કોરોના વિશે દરેકે બે શબ્દો કહેવા. ગુરૂ પૂર્ણિમા આવતી હોવાથી એનું મહત્વ સૌને સમજાવી ગુરૂવંદના કરી. ચિત્ર સ્પર્ધામાં સ્વૈચ્છીક નંબર આપી ઇનામ આપવામાં આવ્યા. જેમાં પ્રથમ-નયના પંચોલી, દ્વિતીય જયશ્રી પંચોલી, તૃતીય સ્નેહા પંચોલી અને ચોથા નંબર પર રાજેશ્રીબેન આવ્યા હતા. ઇનામ વિતરણ કરી ભોજનને ન્યાય આપી છુટા પડયા.

અલુણા નિમિત્તે નયનાબેન તથા સમાજની બહેનો તરફથી અલુણા વ્રત કરતી બાળાઓને ભોજન કરાવવામાં આવ્યુ. તથા ગૌરીવ્રત નિમિત્તે કેશગુંફનની સ્પર્ધા રાખવામાં આવી હતી. તેમાં પ્રથમ - જયશ્રી ડી. પંચોલી, દ્વિતીય-સ્મૃતિ પંચોલી, તૃતિય દક્ષાબેન પંચોલી, ચોથા રેખાબેન પંચોલી અને પાંચમા નંબરે રાજેશ્રીબેન વિજેતા થયા હતા.

ઑગસ્ટ મહિનોની મિટિંગ ઘરે રહી કરવામાં આવી. જેમા ચાઇનાની રાખડીઓનો ત્યાગ કરી હોમ મેઇડ નાડાછડીની રાખડી બનાવી પોતાના ભાઇના હસ્તે બાંધી હતી....આ રીતે રાખડી બનાવવાનો પ્રોજેક્ટ કર્યો. જન્માષ્ટમી તથા ૧૫ ઑગસ્ટ નિમિત્તે તેની ઉજવણી કરવામાં આવી. શહિદોને શ્રધ્ધાંજલી આપી.

શ્રાવણ માસ નિમિત્તે ભજન સ્પર્ધા રાખવામાં આવી. તથા ભાદરવા મહિના આવતો ગણેશોત્સવમાં માટીના ગણપતી બનાવી પૂજા આરતી કરી ઉજવણી કરવામાં આવી હતી.. દરેક ઉત્સવના ફોટા તથા વિડિઓ એકબીજાને મોકલ્યા હતા...

## તેજસ્વીની મહિલા મંડળ



તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની ઑનલાઇન મિટિંગ તા. ૧૨.૦૮.૨૦૨૦ના રોજ સાંજે ૬ થી ૮ કલાક દરમ્યાન શ્રીમતિ નિકુંજબેન આર. પંચોલી દ્વારા રાખવામાં આવી હતી. જેમાં તમામ સભ્યોએ ભાગ લીધો હતો.

નિકુંજબેન તરફથી જન્માષ્ટમી તહેવારની ઉજવણીના ભાગ રૂપે કાનાના પરણાં ડેકોરેશન તથા લાલજી સાથેની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાનાને પારણે ઝુલાવી સૌ બહેનોએ તહેવારને યાદગાર બનાવ્યો હતો. આ કોમ્પીટીશનમાં પ્રથમ વિજેતા પ્રજ્ઞાબેન અને સુરેખાબેન અને દ્વિતીય વિજેતા નીમાબેન બન્યા હતા.

૧૫ ઑગસ્ટ નિમિત્તે ઑનલાઇન વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી બધી જ બહેનોએ અંગ્રેજોની ગુલામી થી આઝાદીના સોપાન સુધીની સુંદર રજુઆત કરી હતી. રાષ્ટ્ર ધ્વજને સલામી આપી ગૌરવ વધાર્યુ હતું. શહિદોને યાદ કરી ગીતો રજુ કરી સુત્રો પોકાર્યા હતા....જય હિંદ... જય જવાન.. જય કિસાન

તેજસ્વીની મહિલા મંડળની મિટિંગ તા. ૨૯.૦૮.૨૦૨૦ના રોજ બપોરે ૨ થી ૬ દરમ્યાન ઑનલાઇન સુરેખાબેન બી. પંચોલી દ્વારા રાખવામાં આવી હતી.

સુરેખાબેન તરફથી ગણેશોત્સવ તહેવારની ઉજવણીના ભાગ રૂપે 'કોલાર્ઝ ગણપતિ ડેકોરેશન'ની કોમ્પીટીશન રાખવામાં આવી હતી.. બહેનોએ વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરી કલાત્મક ગણપતિ ડેકોરેશન કરી ફોટા મોકલ્યા હતા.. ત્યારબાદ ફોટાઓ જજ કરી ચાર વિજેતા જાહેર કર્યા હતા. પ્રથમ-નિલમબેન, દ્વિતીય કિરણબેન, તૃતીય શોભાબેન અને પદમાબેન. તેજસ્વી મહિલા મંડળમાંથી ત્રણ બહેનોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં જેમાં પ્રથમ પ્રજ્ઞાબેન, દ્વિતીય આનંદીબેન અને તૃતીય જ્યોતીબેન ડે. પંચોલી. હર્ષાબેન પંચોલી તરફથી ચાર ઇનામ સ્પોન્સર કરવામાં આવ્યા હતાં. દિવ્યાબેન પંચોલી, જયમાલાબેન પંચોલી, જેસલ પંચોલી અને ચૈતાલી મિસ્ત્રી.. ઇનામ સ્પોન્સર કરવા બદલ હર્ષાબેનનો આભાર માન્યો હતો.. સર્વે બહેનોને અભિનંદન પાઠવ્યા હતા..

## સપ્તરંગી કોમ્પીટીશન....

કોલડ્રીંક જ્યુસ મોકટેલ : પ્રથમ વિજેતા જ્યોત્સનાબેન પંચોલી - વડોદરાના બદલે પ્રથમ વિજેતા મોનિકા એમ. મિસ્ત્રી-અંધેરી મુંબઇ.

ન્યુઝ પેપર ફેશન શો : તૃતીય વિજેતા : હર્ષિતા એચ. પંચોલી ને બદલે હર્ષિતા એચ. મિસ્ત્રી વાંચવું..

સપ્તરંગી કોમ્પીટીશનમાં ઓલ ઓવર બેસ્ટ તરીકે પસંદગી પામનાર : શ્રીમતિ કાજલ પી. પંચોલી-વડોદરા

સપ્તરંગી હરિફાઇના સ્પોન્સર :

૧૦૦૦ શ્રીમતિ જસુમતીબેન સૂર્યકાંતભાઇ પંચોલી-વડોદરા

૮૦૦ શ્રીમતિ સુરેખાબેન ભરતભાઇ પંચોલી-વડોદરા

૮૦૦ શ્રી દેવાંગભાઇ પી. પંચોલી-વડોદરા

૮૦૦ શ્રી ધર્મેશભાઇ પંચોલી-વડોદરા

સપ્તરંગી હરિફાઇને વિવિધ રંગો વડે સરસ રીતે પ્રિન્ટ કરી આપનાર : શ્રી જય એમ પંચોલી-વડોદરા

ઉપરોક્ત સપ્તરંગી હરિફાઇના આયોજક, માર્ગદર્શક, દાતાશ્રીઓ, નિર્ણાયકશ્રીઓ, વિવિધ રંગોથી સજાવનાર, તેમજ તમામ એકમમાંથી આ સ્પર્ધામાં ભાગ લેનાર બહેનો તેમજ સ્પર્ધાના વિજેતા બહેનો.... આ સર્વેનો તેજસ્વીની મહિલા મંડળ વડોદરા ખૂબ ખૂબ આભાર...ધન્યવાદ

## વડોદરાના કોરોના વોરીયર્સ તુ....જે...સલામ

ડો. કૃણાણ હરેન્દ્રભાઇ તથા સંગીતાબેન જયકીશનભાઇ પંચોલી, કોમલબેન મહેશભાઇ પંચોલી અને ઇશિતા આકાશ પંચોલીએ નર્સ તરીકેની સેવા આપી સ્તુત્ય કાર્ય કર્યુ છે..... અભિનંદન....

# અનુકરણિય

રાજ-વાઘોડિયા(હાલ ભરૂચ) નિવાસી શ્રી વિપીનચંદ્ર ગોરધનદાસ પંચોલી કોરોના વાયરસની ૧૫ દિવસની ટ્રીટમેન્ટ લઇ સ્વસ્થ થઇ હેમખેમ ઘરે આવી ગયા તે નિમિત્તે એમના સુપુત્રો ચિ. મનિષકુમાર તથા નિમેશકુમાર વી પંચોલી તરફથી

**શ્રી પંચોલી સેવા મંડળ-રાજપીપલાને રૂા. ૫૦૦, પંચોલી નવયુગને રૂા. ૫૦૦/-** તથા એમના ધર્મપત્ની શ્રીમતિ પ્રવિણાબેન વ પંચોલી તરફથી

**પંચોલી ભગીની મંડળ રાજપીપલાને રૂા. ૫૦૦/ ભેટ** મળ્યા.. ખૂબ ખૂબ આભાર



NAME : SHIVAM
DATE OF BIRTH :30/12/1992 BIRTH PLACE :PANVAD
HEIGHT : 5'.6" WIGHT : 62 CASTE : SEBC
QUALIFICATION :B.E(MECH)
PROFESSION :BUSINESS ,SELF EMPLOYEED(BANKING)
FATHER NAME : INDRAVADANBHAI PANCHOLI
MOTHER NAME : RAMILABEN PANCHOLI
SISTER NAME : DARSHNABEN PANCHOLI(MARRIED)
ADDRESS : BAJAR MA, PANVAD. TA. KAWANT. DIST. CHHOTAUDEPUR
CONTECT DETAIL : (MO): 8153958088, FATHER (MO): 9727851375
EMAIL ID: shivampancholi007@gmail.com.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર


આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065

IFC Code BARBO CITYLT

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## ટીપે ટીપે સરોવર ભરાય...



અમદાવાદ નિવાસી હસમુખભાઇ પંચોલી તરફથી રૂા. ૧,૫૦૦/- નવયુગ ભેટ

રૂા. ૧૫૧/- રાજપીપલા નિવાસી શૈલેષભાઇ ઉમંગભાઇ પંચોલી તરફથી જન્મદિવસની ભેટ

રૂા. ૨૫૦/- સુરત નિવાસી દ્દષ્ટિ જીજ્ઞેશભાઇ મિસ્ત્રી તરફથી H.S.C. માં 88% થી ઉર્તિણ થયા તે નિમિત્તે.. નવયુગ ભેટ

# એક વાર જાવુ હરીના ધામમાં



સુરત નિવાસી પૂર્વેશકુમાર હિરાલાલ પંચોલી તા. ૧૮.૦૮.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.

રાજપીપલા નિવાસી શ્રી પંચોલી પ્રગતિ પરિવારના આદ્યસ્થાપક શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી તા. ૧૮.૦૮.૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા..






ખડગદા-ગરૂડેશ્વર નિવાસી હસુબેન મંગળદાસ પંચોલી હરીના ધામમાં ગયા.

મુંબઇ વિરાર નિવાસી શ્રીમતિ જયોતિબેન જગદીશભાઇ ધનસુખભાઇ મિસ્ત્રી તા. ૨૬.૦૮.૨૦૨૦ ના રોજ હરિના ધામમાં ગયા ઉ.વ. : ૪૭





મુંબઇ-નિવાસી તથા મુંબઇ એકમના માજી વાઇસ પ્રેસીડન્ટ શ્રી મુકેશભાઇ હરેન્દ્રભાઇ ઝવેરી તા. ૨૨.૦૮.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.

સુરત નિવાસી તથા સ્વ. સી. ટી. સ્મારકનિધિના માજી મંત્રીના પિતાશ્રી રમણલાલ મોતીરામ પંચોલી તા. ૦૩.૦૯.૨૦૨૦ રોજ હરીના ધામમાં ગયા.





પુના નિવાસી શ્રીમતિ પૂર્ણિમાબેન સુરેશભાઇ મિસ્ત્રી તા. ૦૮.૦૯.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.

સુરત નિવાસી સુરેશભાઇ ડાહ્યાભાઇ પંચોલી તા. ૧૨.૦૯.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.





સુરત નિવાસી હસમુખભાઇ મગનલાલ પંચોલી તા. ૧૧.૦૯.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.

બારડોલી નિવાસી નરેન્દ્રભાઇ અંબેલાલ મિસ્ત્રી તા.૨૬.૦૮.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.





જબુગામ નિવાસી અને શ્રી પંચોલી સેવા સમાજ જબુગામના મંત્રી વિનોદભાઇ રમણભાઇ પંચોલી તા. ૧૭.૦૯.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.

મુંબઇ-ગોલદેવળ નિવાસી શાંતિલાલ કિકાભાઇ મિસ્ત્રી તા. ૦૧.૦૯.૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા...
ઉ.વ. ૮૫

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે.....**

પંચોલી નવયુગ શુભચિંતક
શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર
શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર

## કોરોના

યું હી તો હર વાયરસ આતા હૈ (૨)
લેકીન યે કોરોના ખાસ હૈ
યે જો હમારી દુનિયામે આયા હૈ..
તો હમ ઉસે નિકાલ ફેંક દેંગે..લેકીન
હમ લડતે હૈ, લડતે રહેંગે ઔર લડતે હી રહેગેં..
અગર જીવનકો બાગ બનાના હૈ
તો કોરોના સે લડો (૨)
અગર જીવનકો આગ બનાના હૈ તો
લોક ડાઉનકા ભંગ કરો...
મગર રહેના હૈ સેઇફ સેઇફ તો
સોશ્યલ ડિસ્ટન્સ મે રહો....
વાહ વાહ કયા બાત હૈ હમારા પી.એમ.જી કી
જો બચાને ચલે હૈ ઈન્ડિયાકી જાન કો
અપની જાન આગ મેં ડાલકર
ઉનકો હજારો સલામ....
હસના ભુલ ગયા ઈન્સાન કોરોના આને કે બાદ
રોના ભૂલ જાયેગા કોરોના કે જાને કે બાદ
ઈસ લીયે ફસો મત... સીર્ફ હસો..
કહતે હે લોગ બંધ હૈ દ્વાર ઈશ્વર કે
લેકીન વો કૌન હૈ જો ખડે હૈ હોસ્પિટલ કે દ્વાર પર
ઈશ્વર વહી હે જો કરતે હૈ સેવા....
સલામ હૈ હેલ્થ ડિપાર્ટમેન્ટ, બ્લડબેંક, ડોકટરો, નર્સો,
પોલીસ, આર્મી જવાનો કો.... દુઆ હૈ ઉન સબકો...
જો મોત કો જીવનમે બદલના જાનતે હૈ....

**જયશ્રીબેન ડી. પંચોલી-રાજપીપલા**

## ચાલ બેસીએ...

ચાલ બેસીએ હવે નિરાંત થી સાથે...
બહુ ઝઝુમ્યા જીવનમાં મંઝીલ માટે,
મંઝીલ તો મળી ગઇ પ્રયત્ન કરવાથી.....ચાલ બેસીએ

યુવાનીમાં વિતાવ્યા દિવસો ફરવામાં,
તારી અને મારી નોકરીમાં જીંદગી પુરી થઇ,
હવે મંઝીલના પગથીયે બેસી યાદ કરીએ..ચાલ બેસીએ

ન હતો સમય તને વાતો કરવાનો,
ન હતો સમય મને વાતો કરવાનો,
જીંદગી આમ કયાં વીતી ગઇ ખબર ના પડી..ચાલ બેસીએ

સંતાનોના સપનાઓ સાકાર કરવા,
આખી જાત તેં અને મેંએ ઘસી નાંખી
તે કર્મનું ફળ ઈશ્વરે તો સારું આપ્યું.. ચાલ બેસીએ...

**ગિરીશભાઈ એમ. પંચોલી-વડોદરા**

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી - તેજગઢ | સ્વ. ચીમનભાઈ પરસોત્તમદાસ પંચોલી - જબુગામ

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**